# સંશોધન નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી,
## આણંદ–૩૮૮૧૧૦

વંચાણે લીધો : કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્ર જા.નં. AAU/Reg/BOM(Meet-57)/(A.132)/8098-8111/2023, Dt. 16-01-2023 ની સાથે સામેલ નિયામક મંડળની ૫૭ મી બેઠકની કાર્યનોંધ.

**: જા હે ર ના મું :**

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની નિયામક મંડળની તા.૧૬-૦૧-૨૦૨૩ ના રોજ યાજ્ઞવલ્કય હોલ, યુનિવર્સિટી ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે યોજાયેલ બેઠકના મુદ્દા નં. ૫૭.૪૪ થી નીચે મુજબ ઠરાવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર તા. ૨૧/૦૯/૨૦૨૨માં જણાવ્યા અનુસાર, આણંદ કૃષિ યુનિર્સિટીમાં કાર્યરત સંશોધન અને વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો ખાતે કાર્યરત પશુપાલન, ડેરી તથા ફીશરીઝ વિષયક ૩૧ પ્લાન પ્રોજેક્ટ (એનેક્ષર-૧૦ મુજબ) તેમજ તેમાં મંજુર થયેલ કુલ ૪૧ ચાલુ જગ્યાઓ (એનેક્ષર-૧૧ મુજબ) માટેની આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે અંદાજપત્રીય જોગવાઈ કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા કરવાની થાય છે, જેની વિગતો કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને મોકલી આપેલ છે. જેનો સમાવેશ આણંદ કૃષિ યુનિવર્સિટીના આગામી વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં કરેલ નથી, આમ, તેને બાદ કરતા પ્લાન યોજનાઓ માટે આગામી વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ચાલુ બાબત (વિભાગ-૨) માટે રૂા. ૮૦૯૦.૦૦ લાખ તથા નવી બાબત (વિભાગ-૧) માટે રૂા. ૪૮૬૫.૦૦ લાખ મળી કુલ રૂા. ૧૨૯૫૫.૦૦ લાખની (એનેક્ષર ૧ થી ૯ મુજબ) અંદાજપત્રિય જોગવાઈ નાણાં સમિતિ દ્વારા નિયામક મંડળને ભલામણ કરેલ છે, જે નિયામક મંડળ દ્વારા મંજુર કરવામાં આવે છે.

વધુમાં, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ દ્વારા પ્રસ્તુત અંદાજપત્રની દરખાસ્તમાં કરવામાં આવતાં સૂચન તથા રાજ્ય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી પ્લાન સીલીંગની મર્યાદામાં પ્લાન યોજનાઓની વર્ષ ૨૦૨૩-૨૪ માટેની અંદાજપત્રીય જોગવાઇની દરખાસ્તમાં ફેરફાર કરવાની સત્તા કુલપતિશ્રીને એનાયત કરવામાં આવે છે."

જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૦૨)/ ૮૧૧૮ /૨૩
તા:૧૭ /૦૧/૨૦૨૩

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

*નકલ સવિનય રવાના:*

(૧) નિયામક મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ આ સાથે જાહેરનામાની ૨૦ નકલ સામેલ રાખી જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
(૪) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આકૃયુ, આણંદ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

*નકલ રવાના:*

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) સંશોધન નિયામકશ્રીની ~~કચેરીના તમામ ટેબલ~~ તરફ જાણ સારૂ.